# નેસ્ડેક અને દુનિયાનાં શેરબજારોમાં ટ્રીલીસન્સ ડોલરનું તોફાન આવી રહ્યું છે

દુનિયાના માર્કેટ કેપિટલાઈઝેશનની રીતે સૌથી મોટાં શેરબજારોમાં પ્રથમ ક્રમે ન્યુયોર્ક સ્ટોક એક્સચેન્જ છે અને દુનિયાનું બીજા ક્રમનું સૌથી મોટું એક્સચેન્જ પણ અમેરિકાનું નેસ્ડેક, અર્થાત 'નેશનલ એસોસીએશન ઓફ સિક્યોરિટિઝ ડીલર્સ ઓટોમેટેડ કવોટેશન્સ. નેસ્ડેક ટેકનોલોજીને લગતું શેર બજાર છે. હવે અમુક સપ્તાહ નેસ્ડેકમાં કયારેય સર્જાયા હોય એવા ધૂમધડાકા અને ઐતિહાસિક ઊથલપાથલો મચવાની છે. તેની તૈયારીઓ માટે અથવા પ્રોત્સાહન માટે નેસ્ડેક દ્વારા પોતાના નિયમો પણ હળવા કરાયા છે. ઈલોન મસ્કની સ્પેસએક્સ, એઆઈ ક્ષેત્રમાં હમણાં હમણાં ખૂબ ગાજેલી એન્થ્રોથીંક અને સામ ઓલ્ટમેન (ચેટજીપીટીના જનક અને હમણાં ઈલોન મસ્ક સામે કેસ જીતી ગયા તે) ની ઓપન એઆઈના આઈપીઓ (ઇનિશિયલ પબ્લિક ઓફરિંગ) લઈને આવી છે. આ ત્રણેયના આઈપીઓની કુલ વેલ્યુ અબજોમાં હશે અને ટ્રિલિયન (એક હજાર અબજ)થી વધુ રકમની એવી ઊથલપાથલ મચાવશે જેવી અમેરિકાએ અગાઉ કયારેય જોઈ નહીં હોય. દુનિયાએ જોઈ હોય તે સવાલ જ પેદા થતો નથી.

આ અને સિવાયના શેઅર્સની ખરીદી અને વેચાણ અભૂતપૂર્વ માત્રામાં જામશે. નેસ્ડેક દ્વારા નિયમો હળવા કરાયા છે તે મુજબ અન્ય શેઅર્સમાં તેમજ અન્યત્ર નિષ્ક્રિય પડેલા અબજો ડોલર્સ આ ત્રણ કંપનીઓમાંમાં અબજો ડોલર્સના રોકાણને હવા આપશે. તેની સામે હરીફ કંપનીઓનાં પણ શેઅર્સ ધારકો વેચવા કાઢશે. સૌથી મોટો આઈપીઓ મસ્કની સ્પેસએક્સ કંપનીનો હશે. દુનિયાના ઈતિહાસ અને વર્તમાનમાં આ સૌથી મોટી પબ્લિક ઓફરિંગ હશે. પરિણામે આ વરસ પણ અમેરિકાની શેર બજારો માટે બ્લોકબસ્ટર સાબિત થશે.

આ સપ્તાહમાં ઓપનએઆઈ પણ આઈપીઓ માટે પેપરો ફાઈલ કરશે. આ ત્રણ કંપનીઓ મળીને સેંકડો અબજો ડોલર એકઠા કરશે. કારણ કે એઆઈ (કૃત્રિમ બુદ્ધિમત્તા)ની કંપનીઓમાં મૂડીરોકાણ કરવાનો એક પવન શરૂ થયો છે. આમેય રોકાણકારોને નવી સફળ થયેલી કંપનીઓમાં મૂડી રોકવામાં વધુ આવક દેખાતી હોય છે.

સ્પેસએક્સની શેરબજારમાં નોંધણી બાદ અમેરિકાની સૌથી મોટી બે કંપનીનો અંકુશ અને માલિકી ઈલોન મસ્કના હાથમાં હશે. આ બે કંપનીઓ છે, સ્પેસએક્સ અને ટેસ્લા. ઈલોન મસ્ક પાસે જે રીતના શેઅર્સ છે તે એમને સ્પેસએક્સમાં 85 ટકાનો મતાધિકાર બક્ષે છે. સમજો કે દરેક વાતમાં ઈલોનનું જ ધાર્યું થશે. કંપનીની વેલ્યુએશન 1.75 ટ્રિલિયન ડોલરને આંબશે ત્યારે સ્પેસએક્સ બીજા એક્ઝીક્યુટિવો અને રોકાણકારોને પણ ઘી કેળાં થઈ પડશે. પરંતુ ઈલોન મસ્કને જે ફાયદો થશે તેની સામે બીજાઓનો ફાયદો ઝાંખો પડી જશે. મસ્ક પાસે પોતે રોકાણ કરેલા પાંચ અબજ એક્સો શેઅર્સ છે જે ટોટલ વેલ્યુએશનના 41 ટકા થાય છે, જેનું મૂલ્ય આજની તારીખમાં સાતસો અબજ ડોલરની આસપાસ છે. તેનો અર્થ એ કે સ્પેસએક્સમાં જ એ હાલમાં સાતસો અબજ ડોલરની સંપત્તિ ધરાવે છે. મસ્ક અડધો ટ્રિલિયનના દુનિયામાં પ્રથમ માલિક કયારનાય થઈ ગયા અને 22 મેના રોજ એ 808 અબજથી ડોલરથી વધુ સંપતિના માલિક બન્યા છે. ફોર્બ્સ સમાયિકના હિસાબે દુનિયામાં બીજા ક્રમના ધનિક ટેક ઉદ્યોગપતિ લેરી પેજ 315 અબજ ડોલર ધરાવે છે. મસ્ક એમના કરતા લગભગ 500 અબજ ડોલર આગળ છે. આવી રહેલો આઈપીઓ સફળ નિવડશે તો ઈલોન મસ્ક દુનિયાના પ્રથમ ટ્રીલીઅનેર બનશે. થોડા દિવસોની રાહ છે.

**કબીરા ખડા બજાર મેં**
**વિન્સી મરચન્ટ**

નેસ્ડેકનું હરીફ સ્ટોક ન્યુયોર્ક સ્ટોક એક્સચેન્જ છે. બન્ને વચ્ચે લિસ્ટિંગ મેળવવા માટે ચડસાચડસી ચાલતી હોય છે. ઈલોન મસ્ક પોતાની સ્પેસેકસને ન્યુયોર્ક સ્ટોક એક્સચેન્જમાં લિસ્ટ ન કરાવે અને નેસ્ડેકમાં કરાવે તે માટેના પ્રલોભન તરીકે મસ્કની કંપનીના માર્ગમાં આડા આવે તે કેટલાક કાનૂનો રદ કર્યા, કેટલાક હળવા બનાવવા અને કેટલાક નવા દાખલ કરવામાં પૈસા બોલતા હૈ! જે મુજબ લિસ્ટિંગના પંદર દિવસ બાદ સ્પેસએક્સના સ્ટોકસનું નેસ્ડેક હન્ડ્રેડમાં જોડાણ થઈ શકે. પ્રારંભમાં સ્ટોકસની ઈન્ડેકસ પર એટલી અસર જોવા નહીં મળે, 180 દિવસ બાદ લોક-અપ પિરિયડ પૂરો થશે પછી એક્ટિવિટી ખૂબ જ વધશે એવી ધારણા છે. જે.પી. મોર્ગનનો અંદાજ છે કે કંપનીના પચાસ ટકા શેઅર્સ તરતા મૂકવામાં આવે તો કંપનીની વેલ્યુએશન બે ટ્રીલીઅન ડોલરને આંબી જશે અને વોલ સ્ટ્રીટની આઠ મોટા ટેક સ્ટોક ધરાવતા પેસિવ ઈન્વેસ્ટરોએ 85 અબજ ડોલરના શેર્સ વેચવા પડશે.

બીજા એક અહેવાલ પ્રમાણે સ્પેસ એક્સના આઈપીઓ વડે ઈલોન મસ્ક 75 અબજ ડોલર ઊભા કરવા માગે છે. આ અગાઉનો સૌથી મોટા આઈપીઓનાં રેકર્ડ સાઉદી અરેબિયાની પેટ્રોલીઅમ કંપની અરેમકો'ના નામે છે. 2019માં તે પબ્લિક કંપની બની ત્યારે લગભગ સાડા પચ્ચીસ અબજ ડોલરનું ભરણું ભરાયું હતું. આગળ લખ્યું તેમ સ્પેસ એક્સની ટારગેટ વેલ્યુ 1 ટ્રીલીઅન 75 અબજ ડોલરની છે. કંપનીએ પોતાના પ્રોસ્પેકટ્સમાં જે ઈરાદાઓ ધ્યેયો લખ્યા છે તે રોકાણકારોને લાગે છે કે વાસ્તવિકતા બનશે. પ્રોસ્પેકટ કહે છે કે અવકાશમાં ડેટા સેન્ટરો બાંધવા માગતી કંપનીઓનો તમામ પ્રકારનો સામાન સ્પેસ એક્સનાં રોકેટ દ્વારા નિયત જગ્યાએ પહોંચાડવામાં આવશે. તેના થકી કંપનીને મોટી આવક થશે. મંગળ ગ્રહ પર માનવીઓને પહોંચાડવાની અને અવકાશમાં ફરતા એસ્ટેરોઈડસ (લઘુગ્રહો) પર ખનન કામ કરવા માટે પણ સ્પેસએક્સના રોકેટો વડે સાજ સરંજામ અને માનવીઓને પહોંચાડવામા આવશે. શક્ય છે કે કોઈક એસ્ટેરોઈડ પર સોનુ, હીરા અને અનેક પ્રકારની કિંમતી ધાતુઓ માંથી કોઈક મળી આવે. આ વિગતો પ્રોસ્પેક્ટસમાં જણાવવામા આવી છે. કંપની 21 મેના રોજ વીથ્રી સ્ટારશીપ મેગા રોકેટની ટેસ્ટ ફ્લાઈટ છોડવાની તૈયારી કરી રહી હતી અને હવે આઈપીઓ આવવાની છે. એકની સફળતા પર બીજાનો આધાર છે. છેલ્લા સમાચારો મુજબ કેટલીક ટેકનિકલ અડચણોને કારણે તે મોકૂફ રખાઈ છે. ઈલોન મસ્ક માટે ગયું સપ્તાહ સારા અને ખરાબ બંને સમાચાર લઈને આવ્યુ. જોકે ખરાબ સમાચારમા માત્ર વટ અને વિચારોની હાર થઈ છે, કોઈ મોટું આર્થિક નુકસાન થયું નથી. ઓપન એઆઈ વાળા સેમ ઓલ્ટમેન સામે મસ્ક અદાલતી ખટલો હારી ગયા. ઈલોનનો દાવો હતો કે ઓપન એઆઈનુ જાહેર જનતા દ્વારા કૃત્રિમ બુદ્ધિમતાનો મફતમાં ઉપયોગ કરવાના ધ્યેય સાથે નિર્માણ કરવામાં આવ્યું હતું. પરંતુ ઓલ્ટમેને કંપનીને નો-પ્રોફીટને બદલે ફોર પ્રોફીટમાં બદલી નાખી છે. બીજી તરફ ઓપન એઆઈ પણ જાહેર ભરણા માટે આવી રહી છે. હવે અદાલતી અડચણ દૂર થઈ છે તેથી એઆઈ માટે રસ્તો સરળ બન્યો છે. જેટલું કુતુહલ ઓએઆઈએ જણાવ્યું હતું તેના કરતા વધુ એઆઈ કંપની એન્દ્રોપિક્સે જણાવ્યું છે. આ બંનેની પબ્લિક ઓફર ઘણી રસપ્રદ બનશે.



**સ્પેસએક્સમાં જ એ હાલમાં સાતસો અબજ ડોલરની સંપત્તિ ધરાવે છે. મસ્ક અડધો ટ્રિલિયનના દુનિયામાં પ્રથમ માલિક કયારના થઇ ગયા અને 22 મેના રોજ એ 808 અબજથી ડોલરથી વધુ સંપત્તિના માલિક બન્યા છે. ફોર્બ્સ સામાયિકના હિસાબે દુનિયામાં બીજા ક્રમના ધનિક ટેક ઉદ્યોગપતિ લેરી પેજ 315 અબજ ડોલર ધરાવે છે**

અગાઉ ટેકનોલોજીમાં જે સિદ્ધિઓ જે કામકાજો અશક્ય જણાતા હતા અને ઈલોન મસ્કએ સાર્થક કરી બતાવ્યા છે. મસ્કએ એક સ્ટાર્ટઅપ તરીકે શરૂઆત કરી ત્યારે કોઈને આશા ન હતી કે એક સ્ટાર્ટ અપ લિક્વીડ ફ્યુએલથી ઉડતુ રોકેટનું નિર્માણ કરી શકશે અને તેને સફળ રીતે આકાશના પરિભ્રમણ માટે મોકલી શકશે. હવે સ્પેસ એક્સના રોકેટો, એક તો અત્યંત શક્તિશાળી છે અને વારંવાર ઉપયોગમાં લઈ શકાય છે અને સરળ બને છે, વીથ્રીની ફ્લાઈટ મોકૂફ રખાઈ છે પણ લોકો જાણે છે કે મસ્ક જલ્દીથી નાસીપાસ થતાં અને એ એમના પ્રયત્નો ફરી ફરી ચાલુ રાખશે.

એઆઈ ડેટા પ્રોસેસિંગ માટે દુનિયાને વિશાળ પ્રોસેસિંગ શક્તિની અને એ રીતે પ્રોસેસિંગ ફેસેલિટીઓ (ડેટા સેન્ટરો) ની જરૂર પડશે. તે આકાશમાં બંધાય તો સૂર્યશક્તિ સદેવ મળી રહે અને જમીન સાથેનો સંપર્ક પણ આસાનીથી સાધી શકાય છે. બધું ધાર્યા પ્રમાણે જ થશે એટલું આસાન પણ નથી છતાં એક બીજી ધારણા એવી છે કે સ્પેસએક્સ બે ટ્રીલીયન મૂલ્યની અમેરિકાની પ્રથમ હરોળની 10 કંપનીઓમાં સ્થાન પામશે.

ઈલોન મસ્કે પબ્લિકના નાણા વાપર્યા અને જરૂર પડી ત્યારે ઘરના ખર્ચીને એક પછી એક પ્રોબ્લેમ સોલ્વ કર્યો છે. ઘણા લોકો મૂડીવાદને દૂષણ ગણે છે. એક ટ્રીલિયનના અધિપતિની ટીકા કરશે. પણ સરકારોમાં મસ્ક જેટલું જોખમ ઉઠાવવાની હિંમત હોતી નથી.

પરિણામે કશું નવું નીપજતું નથી. અમેરિકાની સરકારી નાસા એજન્સી પણ વરસોથી મંદ પઠી ગઈ હતી. ઈલોને હિંમત, અંત, ઉત્તમોત્તમ બુદ્ધિ વડે જે કરી બતાવ્યું છે તે માત્ર મૂડીવાદમાં જ શક્ય બને છે.

## કેરળમાં દેશનું પ્રથમ એઆઈ મંત્રાલય



કેરળની નવી કોંગ્રેસ સરકારે દેશનું સૌપ્રથમ આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (એઆઈ) મંત્રાલય સ્થાપ્યું છે. રાજ્યના મુખ્યમંત્રી વી. ડી. સતીશને આઈયુએમએલના વરિષ્ઠ નેતા પી. કે. કુંહાલિકુટ્ટીને આ મંત્રાલયના પ્રભારી મંત્રી તરીકે નિયુક્ત કર્યા છે. તમિલનાડુના અહેવાલો અનુસાર, ત્યાંના મુખ્યમંત્રી સી. જે. વિજય પણ પોતાના રાજ્યમાં આવું જ એક મંત્રાલય સ્થાપવા અંગે વિચારી રહ્યા છે. તેમણે પોતાની ચૂંટણી ઝુંબેશ દરમિયાન આ અંગે સંકેત આપ્યો હતો અને શાસન વ્યવસ્થામાં એઆઈ લાવવાનું વચન આપ્યું હતું. કેરળમાં આ એઆઈ મંત્રાલયની ચોક્કસ ભૂમિકા અને કામગીરી શું રહેશે તે હજી નક્કી થઈ રહ્યું છે. જોકે, આ વિચાર રાજકીય વર્તુળોમાં ખાસ કરીને ટેક્નોલોજીની દૃષ્ટિએ વધુ અદ્યતન એવા દક્ષિણના રાજ્યોમાં ભારે ચર્ચા જગાવી રહ્યો છે. આ રાજ્યોના ઘણા મંત્રીઓ પોતાના કામકાજને સરળ બનાવવા માટે પહેલેથી જ એઆઈનો ઉપયોગ કરી રહ્યા છે. આ ઉપરાંત, સરકારો પણ શિક્ષણ, આરોગ્ય અને જાહેર સેવા જેવા વિભાગોમાં એઆઈનો ઉપયોગ ઝડપથી વધારી રહી છે. સતીશન સરકારને આશા છે કે, એક સમર્પિત એઆઈ મંત્રાલય આ પ્રક્રિયાઓને વધુ સુવ્યવસ્થિત કરવામાં અને તેમને રોજિંદા કામકાજમાં સહજતાથી જોડવામાં મદદ કરશે. કેન્દ્ર સ્તરે મોદી સરકારે એઆઈને ઈલેક્ટ્રોનિક્સ અને ઇન્ફોર્મેશન ટેક્નોલોજી મંત્રાલયથી અલગ કર્યું નથી. આ મંત્રાલય અંતર્ગત 'ઇન્ડિયા એઆઈ મિશન' કાર્યરત છે, જેણે આ વર્ષની શરૂઆતમાં નવી દિલ્હીમાં 'ઇન્ડિયા એઆઈ ઈમ્પેક્ટ સમિટ' નું આયોજન કર્યું હતું. હાલમાં, આ સમિટ દરમિયાન ઊભા થયેલા વિવાદો બાદ તેના સીઈઓ અભિષેક સિંહની બદલી થઈ જતાં આ મિશન નેતૃત્વવિહીન છે. શું કેરળમાં સતીશનના આ પગલાથી પ્રેરાઈને કેન્દ્ર સરકાર પણ આવું જ કંઈક કરશે, ખાસ કરીને જ્યારે એઆઈ શાસન-પ્રશાસન માટે એક મહત્ત્વપૂર્ણ સાધન બની રહ્યું છે? એ જોવું રસપ્રદ રહેશે કે શું આ બાબતમાં કોંગ્રેસ ભાજપ કરતાં એક ડગલું આગળ નીકળી જવાનો દાવો કરી શકશે?

**ઈધર-ઉધરકી**
**આરતી જેરથ**

## દિલ્હી પોલીસમાં સોશિયલ મીડિયાનો અતિરેક



સોશિયલ મીડિયાનું વળગણ એક એવો રોગ બની ગયું છે કે, દિલ્હી પોલીસે તાજેતરમાં જ તેના અધિકારીઓને ઇન્સ્ટાગ્રામ અને ફેસબુક જેવા પ્લેટફોર્મ પર પોતાની હાજરી ઘટાડવા અને ખાસ કરીને પોલીસ યુનિફોર્મ પહેરીને રીલ્સ ન બનાવવા માટે કડક સૂચનાઓ જારી કરવી પડી છે.જોકે, પોલીસ અધિકારીઓ દ્વારા સોશિયલ મીડિયાના ઉપયોગ અંગે માર્ગદર્શિકા પહેલેથી જ અસ્તિત્વમાં છે, તેમ છતાં એવું જોવા મળ્યું હતું કે દિલ્હી પોલીસના કર્મચારીઓ તેમના યુનિફોર્મમાં જ લાઇફસ્ટાઇલ, ફિટનેસ, ડાયેટ વગેરેને લગતી ક્લિપ્સ નિયમિતપણે પોસ્ટ કરી રહ્યા હતા.એવું પણ સામે આવ્યું છે કે, ઘણા અધિકારીઓએ પોલીસ સ્ટેશનની અંદરના વીડિયો ઓનલાઇન પોસ્ટ કર્યા હતા, જેમાં તેઓ આરોપીઓને હથકડી પહેરાવીને કોરિડોરમાંથી લઈ જતા અથવા તેમને લોકઅપમાં પૂરતા જોવા મળ્યા હતા. આ બાબતને દેખીતી રીતે જ આરોપીની ગોપનીયતા અને પોલીસ સ્ટેશનની ગરિમાનું ઘોર ઉલ્લંઘન માનવામાં આવ્યું છે.જ્યારે લાઇફસ્ટાઇલ અને ડાયેટના વીડિયો સામાન્ય રીતે નુકસાનકારક નથી હોતા, પરંતુ દિલ્હી પોલીસના વરિષ્ઠ અધિકારીઓનું માનવું છે કે, પોલીસ યુનિફોર્મ પહેરીને આ પ્રકારના વીડિયો શૂટ કરવાથી તેમને એક સત્તાવાર મંજૂરી અને સત્તા મળી જાય છે, જે તદ્દન અયોગ્ય છે.

## નીતિન નબીન: ભાજપના નવા લકી મેસ્કોટ




શું ભાજપના નવનિયુક્ત અધ્યક્ષ નીતિન નબીન પક્ષના લકી મેસ્કોટ (નસીબદાર વ્યક્તિ) તરીકે ઊભરી આવ્યા છે? તેમના નેતૃત્વ હેઠળ જ પક્ષે પશ્ચિમ બંગાળમાં આટલી શાનદાર જીત મેળવીને પૂર્વ ભારતના છેલ્લા ગઢને આખરે સર કર્યો છે. અલબત્ત, આ વિજયની પટકથા મોટા ભાગે કેન્દ્રીય ગૃહમંત્રી અને મુખ્ય ચૂંટણી વ્યૂહરચનાકાર અમિત શાહ દ્વારા લખવામાં આવી હતી, પરંતુ નબીનને પક્ષના 'લકી ચાર્મ' તરીકે જોવામાં આવી રહ્યા છે. પરિણામો આવ્યાં એ સાંજે ભાજપના રાષ્ટ્રીય મુખ્યાલય પર જોવા મળેલા એક અસાધારણ દૃશ્યથી આ વાત વધુ સ્પષ્ટ થઈ ગઈ હતી.જ્યારે વડા પ્રધાન નરેન્દ્ર મોદી વિજય રેલી માટે મુખ્યાલય પહોંચ્યા ત્યારે નબીને તેમનું સ્વાગત કર્યું અને પશ્ચિમ બંગાળ, આસામ અને પુડુચેરીમાં મળેલી જીત બદલ અભિનંદન આપવા માટે તેમને હાર પહેરાવવાનો પ્રયાસ કર્યો, પરંતુ મોદીએ નબીન અને બાકીના પક્ષના નેતાઓને ચોંકાવી દીધા; તેમણે પોતે હાર સ્વીકારવાનો ઇનકાર કર્યો અને તે હાર પક્ષ પ્રમુખ (નબીન)ના ગળામાં પહેરાવી દીધો. એટલું જ નહીં, તેમણે નબીનની પીઠ પણ થપથપાવી.મુખ્યાલયમાં હાજર લોકોએ આને 'બોસ' તરફથી એક સંકેત તરીકે સમજ્યું કે નબીને ખરેખર પોતાની જગ્યા બનાવી લીધી છે અને પાર્ટીના પદાનુક્રમમાં પોતાના માટે એક વિશેષ સ્થાન મેળવી લીધું છે.

# બ્યુટીફુલ ડાંગ ભયાનક જોવાનું હતું, બહુ જલ્દી

પીટરે આડેધડ ઉગેલા દાઢી-મૂંછના વાળ પર હાથ ફેરવ્યા. 'વિનોદ રીપોર્ટર બઉ બીઝી... તો બીજા છે ને...' તેણે કોન્ટેક્સમાં સોનલી ભીલનો નંબર ડાયલ કર્યો. 'તારું પેપર નાનું પણ મારું દિલ બઉ મોટું હોં. તું પાછી આપણા ડાંગની.. હવે ધ્યાનથી સાંભળ. 'પીટરે ડાંગના દૈનિક 'આહવાની હવા'ની પ્રમાણમાં નવી અને એકદમ શરમાળ


રીપોર્ટર સોનલી ભીલને પહેલીવાર કોઈ માહિતી આપીને એ ય પૂરેપૂરીને પાછી સનસ નીખેજ. છોગામાં પીટરે ઉમેર્યુ: 'આ વાત ખાસને ફક્ત તને જ બોલું છું. હમજ જરા' પણ સોનલી ભીલને સમજાયું નહીં કે અચાનક ખબરી પીટર મારા પર મહેરબાન શા માટે? પોતાને એકાદ વર્ષ અગાઉ માંડ નોકરી મળી હતી. એની સામે પીટર શું, વિનોદ રીપોર્ટર ડાંગનો અઘોષિત સુપર સ્ટાર હતો. એના કામમાં, વર્તનમાં કે વ્યવહારમાં જરાય ભલીવાર નહોતી. એને નહોતું લખતા આવડતું કે નહોતું વ્યવસ્થિત બોલતા ફાવતું. પરંતુ ગુજરાતભરમાં પહોંચતા મોટા અખબારના પ્રતિનિધિ તરીકે બધા ના છૂટકે એને માન, માહિતીને જાહેરખબર આપે. તો પછી પીટરે એને બદલે જાણકારી મને કેમ આપી? મનમાંથી ચીસ સંભળાઈ: સોનલી ક્રોસચેક કરજે બરાબર, નહિતર આવી બનશે.

ઘડિયાળ પણ સમયને રોકી શકતી નથી.

સમયની સાથે ચાલો તો જ સમય તમારી સાથે ચાલશે. એ ન્યાયે ૨૦૨૫ની સાતમી માર્ચે સાંજે સાત વાગ્યે એસ. પી. ઓફિસ બહાર ચહલપહલ વધવા માંડી. આહવા પોલીસ સ્ટેશન એટલે કે જીલ્લા મુખ્યાલયમાં વઘઈ પોલીસ સ્ટેશન, સુબીર પોલીસ સ્ટેશન અને પીંપરી પોલીસ સ્ટેશનના ઈન્ચાર્જ સમય પહેલા આવી ગયા. આ સૌની જાણ બહાર કોઈક એમના પર નજર રાખતું હતું ને એક ઝાડની આડમાં છુપાઈને ફોટા પણ પાડતું હતું.

**ક્રાઈમ કોડ**
**પ્રફુલ શાહ**

સમગ્ર ડાંગ જીલ્લો જંગલ અને પહાડી વિસ્તાર હોવાથી પોલીસ કવરેજ વિસ્તાર પ્રમાણે ફેલાયેલું છે. અહીં ક્રાઈમ રેટ ઓછો હોવાથી પોલીસ સ્ટેશનોની સંખ્યા ઓછી છે. ઘણા વિસ્તારોમાં તો આઉટપોસ્ટ દ્વારા જ કાયદો-વ્યવસ્થા જાળવાય છે.




**સમગ્ર ડાંગ જીલ્લો જંગલ અને પહાડી વિસ્તાર હોવાથી પોલીસ કવરેજ વિસ્તાર પ્રમાણે ફેલાયેલું છે. અહીં ક્રાઈમ રેટ ઓછો હોવાથી પોલીસ સ્ટેશનોની સંખ્યા ઓછી છે. ઘણા વિસ્તારોમાં તો આઉટપોસ્ટ દ્વારા જ કાયદો-વ્યવસ્થા જાળવાય છે**

## (અતા-પતા-લાપતા -3)

કેબિનમાં એસ. પી..સુરેન્દ્ર પુષ્કર્ણા ટેબલ પર મૂકેલી બ્રિફ ચોથી વખત વાચતા હતા. ક્યાંક માર્કિંગ કરતા હતા, તો ક્યાંક ટચુકડી નોંધ ટપકાવતા હતા. આહવા પોલીસ સ્ટેશન મુખ્ય ગણાય. અહિં મોટેભાગે વહીવટી નકે નાના ગુના નોંધાય ને ક્યારેક ગંભીર કેસ આવે. વઘઈ પોલીસ સ્ટેશન પર્યટન વિસ્તાર હોવાથી અહિં સીઝનલ કામકાજ રહે. વધારે કેસ પ્રવાસીઓ સંબંધિત હોય, સાથે નાના ગુના પણ ખરા. સુબીર પોલીસ સ્ટેશનમાં જમીન વિવાદ અને સામાજિક મુદ્દા સંબંધી કે આવે. પીંપરી પોલીસ સ્ટેશન હેઠળ સરહદી અને પહાડી વિસ્તાર આવે. અહી પરચુરણ અને વાહન સંબંધિત ગુના આવે.

આની વિશેષતામાં રોડ કનેક્ટિવિટી અને હાઈવે પેટ્રોલિંગ ખાસ. પુષ્કર્ણાએ 'પીંપરી પોલીસ સ્ટેશન' આસપાસ લાલ માર્કર પેનથી કુંડાળું ચિત્ર્યું. ચિંચલી પોલીસ સ્ટેશનના અધિકાર ક્ષેત્રમાં જંગલ અને દૂર દૂરના ગામો હતા. અહીંના કેસમાં કૌટુંબિક ઝઘડા અને સ્થાનિક વિવાદનું પ્રમાણ મહત્તમ. એની વધુ વિશેષતા ગ્રામીણ શાંતિ અને સામાજિક સંતુલન જાળવવાની ય ખરી.' જંગલ અને દૂર દૂરના ગામો'ને લીધે પુષ્કર્ણાએ 'ચિંચલી' પર પણ કંડાળું કર્યુ.

એસ. પી.સુરેન્દ્ર પુષ્કર્ણાએ ઓપરેટર યજ્ઞેશ શેટ્ટીને ફોન લગાવ્યો. વગર પૂછ્યે જવાબ મળ્યો: એલસીબીના જયદીપ રાઠોડ અને ચિંચલીના નિરવ ત્રિવેદી સિવાય બાકીના બધા આવી ગયા. પુષ્કર્ણાએ ઘડિયાળ સામે જોયું: 'બન્નેને ફોન કરો. બધા આવે એટલે સાથે મોકલો.'

ચિંચલી પોલીસ સ્ટેશન હેઠળના પહાડી વિસ્તારમાં માઈકલ ડી'કોસ્ટા અને ભુરા ભીલની મહુડાની મદિરા મહેફિલ સાંજના છ વાગ્યામાં શરૂ થઈ અને જોશભેર જામી રહી હતી. આગલા દિવસે માઈલનું ગળું સુક્કું રહી ગયું હતું, આવતી કાલે દારૂ મળે કે ન મળે એની શંકા હતી. એમાં મહુડાનો સ્વાદ, સાંજનો પવન, શાંતિ અને પહાડી વાતાવરણે માઈકલની પીવાની ઝડપ સાથે મજા બેવડાવી નાખી. એ ઝુમીને ગાવા માંડ્યો.. દારૂ કી બોતલ મેં ભુરા મહુડા ભરતા હૈ, ફિર ના કહેના માઈકલ મહુડા પી કે દંગા કરતા હૈ...

ભુરાએ ઘડિયાળમાં ૭:૨૫નો સમય જોયો. 'આને તો મોડી રાત સુધી મસ્તી કરવી હતી, પણ અત્યારે જ એકદમ ચડી ગઈ હોં. હવે આને રોકવો પડશે, નહિતર કાલે વહેલો ઉઠશે કેવી રીતે?' હાથમાંનો ગ્લાસ ખાલી જોઈને માઈકલ ઊભો થયો. ' ઓલો પંચમિયો... અરે અમારો ડિરેક્ટર છે ને એ બહુ મસ્ત શાયરી બોલે... ધડાધડ...હા, યાદ આવી એક... અહમદ ફરાઝનું નામ ખબર છે કે? સાંભળજે કેરફુલી..સુનો એ સાકી. .. સાકી એટલે જામ ભરી આપે એ.. સુનો એ સાકી, યે કૈસા સિતમ હૈ... પછી? હા, યાદ આયા .. સુનો એ સાકી, યે કૈસા સિતમ હૈ કિ જામ ભી ખાલી હૈ ઔર દિલ ભી ઉદાસ હૈ... ' ગ્લાસ ઉછાળીને દિલ પર હાથ મૂકીને પાછો પકડવા ગયો ને એકાએક પગ લપસી ગયો. આ સાથે ભુરા ભીલના મોઢામાંથી ભયાનક ચીસ નીકળી ગઈ. ઓચિંતા ચીસના અવાજથી પંખીઓએ ફફડીને કોલાહલ મચાવી દીધો. દૂર જંગલમાંથી જરખ, જંગલી બિલાડી, શિયાળ, વરુ, ચીતલ, ચારશીંગો, ભેંકડો, વાંદરો અને લંગૂર જેવા ન જાણે કેટલાય જાનવરોએ કોલાહાલ મચાવી દીધો. એ ઘોંઘાટથી ગભરાયેલી ઉડતી ખિસકોલી ઝાડ પરથી ભુરા ભીલને માથે પડીને પૂરી ભરેલી બોટલ લીધા વગર ચીસાચીસ કરતો દોડ્યો. એકેય વાર પાછું ય ન જોયું. માઈકલ, ભુરો કે કોઈ સમજતા નથી કે શ્વાસનો પણ વિશ્વાસ ન કરવો, એ કીધા વિના બંધ થઈ જાય છે, એટલે તો બ્યુટીફુલ ડાંગ હજી વધુ ભયાનક જોવાનું હતું, બહુ જલ્દી.

(ક્રમશ:)

